RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 259, Dt.21-12-2023 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સંસદની લડાઈ સડક પરઃ બંને પક્ષોનું વિરોધ પ્રદર્શન

## જંતર મંતર પર વિપક્ષો યોજશે મોક સંસદઃ સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે સંઘર્ષ ચરમસીમાએઃ સંસદ ભવનથી વિજય ચોક સુધી વિપક્ષના સાંસદો સહિત ટોચના નેતાઓ જોડાયાઃ પોલીસ સુરક્ષા સઘન બનાવાઈઃ સરકાર લોકશાહીનું ગળુ ઘોટવા માંગે છે, વિપક્ષોએ કર્યો આક્ષેપ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદમાં સરકાર અને વિપક્ષ વચ્ચે સર્જાયેલા જબરા ઘર્ષણ તથા દેશની સંસદના ઈતિહાસમાં પ્રથમ વખત ૧૪૩ સાંસદોને સસ્પેન્સન વચ્ચે હવે વિપક્ષો આજે સંસદ ભવનથી વિજય ચોક સુધી વિરોધ કૂચ યોજવાનો અને બાદમાં જંતર મંતર અને મોક- પાર્લીયામેન્ટ્ પણ યોજાશે. સંસદની સુરક્ષાના મુદે ગૃહમંત્રીના નિવેદનની માંગ સાથે વિપક્ષોએ સરકાર સાથે જબરી ટકકર પસંદ કરી છે

અને છેલ્લા ચાર દિવસમાં ૧૪૩ સાંસદો સસ્પેન્ડ થયા છે. જો કે બીજી તરફ સરકાર વિપક્ષના મોટાભાગના સભ્યોની ગેરહાજરીમાં એક બાદ એક મહત્વના ખરડા પસાર કરાવી રહી છે અને હવે સત્ર તેના આખરી તબકકામાં છે તે વચ્ચે વિપક્ષોએ હવે લડાઈ સંસદ બહાર લઈ જવા નિર્ણય લીધો છે. આજે સસ્પેન્ડ થયેલા સાંસદો સહિત તમામ વિપક્ષી સભ્યો એક જબરી વિરોધ કૂચનું આયોજન કરવા જઈ રહ્યા છે અને સવારે ૧૦.૩૦ થી ૧ વાગ્યા સુધી સડક ગજાવશે. આ માર્ચનું નેતૃત્વ લેવા કોંગ્રેસના પુર્વ અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધી પણ સંસદભવન પહોંચી ગયા છે.




આ અગાઉ ઉપરાષ્ટ્રપતિ તથા રાજયસભાના સભાપતિ જગદીપ ધનખડની મિમિક્રીનો વિવાદ પણ વધ્યો છે અને તે મુદે પણ સરકાર આક્રમક બની છે. વિપક્ષો જો કે સંસદની સૂરક્ષાના મુદાને રાષ્ટ્રીય મુદો બનાવવા આગળ જઈ રહ્યા છે અને ૨૦૨૪ની ચુંટણીમાં પણ તે ગાજશે. બીજી તરફ ભાજપે તેની રણનીતિમાં આગળ વધી તે વિપક્ષની ગેરહાજરીમાં પણ સંસદનું શકય તેટલું વધુ કામ પુરૂ કરીને બાદમાં હવે ચુંટણી મૌડમાં પુરો આવી જશે. ભાજપે અયોધ્યામાં રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સૌથી મોટો સમારોહ બનાવવા તૈયારી કરી છે. જેનો રાજકીય લાભ પણ મળશે.

## સંસદમાં ઘુસણખોરી બાદ હવે સુરક્ષાની જવાબદારી કેન્દ્રીય ઔદ્યોગિક દળને સોંપાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદની સુરક્ષામાં ચૂક બાદ કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં સંસદની સુરક્ષાની જવાબદારી હવે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળને સોંપવામાં આવી છે. અત્યાર સુધી દિલ્હી પોલીસના જવાન સંસદની સુરક્ષા સંભાળી રહ્યા હતા.



સંસદની સુરક્ષામાં ૧૩મી ડિસેમ્બરે ચૂક થયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. સંસદની સુરક્ષાને લઈને છેલ્લા ઘણા દિવસોથી વિરોધ પક્ષો કેન્દ્ર સરકાર પર પ્રહાર કરી રહ્યા છે. વિરોધ પક્ષોની માંગ છે કે આ સુરક્ષા ચૂકને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગૃહમાં આવીને નિવેદન આપે. સંસદની સુરક્ષાની જવાબદારી હવે CISFને આપવાનો નિર્ણય તપાસ કમિટિની ભલામણ બાદ લેવામાં આવ્યો છે. CISFએ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સનો એક ભાગ છે, જે પરમાણુ અને એરોસ્પેસ ડોમેન હેઠળ આવતી સંસ્થાઓ, એરપોર્ટ અને દિલ્હી મેટ્રોની સુરક્ષાનું કામ કરે છે. આ ઉપરાંત દિલ્હીમાં ઘણા મંત્રાલયોના ભવનોની સુરક્ષાની જવાબદારી પણ CISF પાસે છે. આ રીતે સરકારના આ નિર્ણય બાદ હવે ઈઈજ્ર પાસે દેશની સૌથી સુરક્ષિત ગણાતી સંસદની સુરક્ષાની જવાબદારી પણ આવી ગઈ છે.

ગૃહમંત્રાલયે CISFને સંસદ પરીસરનો સરવે કરવા નિર્દેશ આપ્યો છે જે કારણે સુરક્ષાની જવાબદારી લેતા પહેલા CISF સંસદ ભવન પરીસરનો સરવે કરશે. આ સરવે દ્વારા જાણી શકાય છે કે CISFની સિક્યુરિટી અને ફાયર બ્રિગેડની નિયમિત તૈનાતી કેવી રીતે થઈ શકે છે. આ કામ માટે કેન્દ્ર સરકારના મંત્રાલયોની સુરક્ષા કરનારી CISFના ગવર્મેન્ટ્ બિલ્ડિંગ સિક્યુરિટી (GBS) યુનિટના એક્સપર્ટ અને વર્તમાન સંસદ સુરક્ષા ટીમના અધિકારી તેમની મદદ કરશે. આ ટીમમાં CISS ફાયર અને રેસ્ક્યું ઓફિસર્સનો પણ સમાવેશ કરવામાં આવશે.

## નકલી સીમ ખરીદવા પર હવે ત્રણ વર્ષની જેલ સાથે ૫૦ લાખનો દંડ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવું ટેલિકોમ્યુનિકેશન બિલ ૨૦૨૩ બુધવારે, ૨૦ ડિસેમ્બરે લોકસભામાં પસાર થયું હતું. હવે આ બિલને અંતિમ સમીક્ષા માટે રાજ્યસભામાં મોકલવામાં આવ્યું છે. આ બિલમાં નકલી સિમ ખરીદવા પર ૩ વર્ષની જેલ અને ૫૦ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે.



બિલમાં ટેલિકોમ કંપનીઓને ગ્રાહકોને સિમ કાર્ડ આપતા પહેલા બાયોમેટ્રિક ઓળખ ફરજિયાત બનાવવા માટે કહેવામાં આવ્યું છે. આ બિલ સરકારને રાષ્ટ્રીય સુરક્ષા કારણોસર કોઈપણ ટેલિકોમ સેવા અથવા નેટવર્કને ટેકઓવર કરવા, મેનેજ કરવા અથવા સ્થગિત કરવાની મંજૂરી આપશે. એટલે કે યુદ્ધ જેવી પરિસ્થિતિમાં જરૂર પડશે તો સરકાર ટેલિકોમ નેટવર્ક પર મેસેજને ઈન્ટરસેપ્ટ કરી શકશે.

આ બિલ ૧૩૮ વર્ષ જૂના ભારતીય ટેલિગ્રાફ એક્ટનું સ્થાન લેશે જે ટેલિકોમ સેક્ટરનું નિયમન કરે છે. આ સિવાય આ બિલ ભારતીય વાયરલેસ ટેલિગ્રાફ એક્ટ ૧૯૩૩ અને ટેલિગ્રાફ વાયર એક્ટ ૧૯૫૦નું સ્થાન લેશે. તે ટ્રાઈ એક્ટ ૧૯૯૭માં પણ સુધારો કરશે.

બિલમાં લાયસન્સિંગ સિસ્ટમમાં પણ ફેરફાર થશે. હાલમાં, સેવા પ્રદાતાઓએ વિવિધ પ્રકારની સેવાઓ માટે જુદા જુદા લાઇસન્સ, પરવાનગીઓ, મંજૂરીઓ અને નોંધણીઓ મેળવવાની હોય છે. ટેલિકોમ વિભાગ દ્વારા જારી કરાયેલા ૧૦૦ થી વધુ લાઇસન્સ અથવા નોંધણીઓ છે.

## દેશમાં કોરોનાના વધતા કેસથી સરકાર એકશનમાંઃ કર્ણાટકમાં બે મોતથી તંત્ર સાબદુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોરોનાના વધતા કેસોથી સરકાર-તંત્ર સાબદા થયા છે ત્યારે છેલ્લા બે સપ્તાહમાં કોવીન વિનોમ સિકવન્સીંગનાં તમામ સેમ્પલમાં નવા વેરીએન્ટ્ જેએન-૧ હોવાનો ખુલાસો થયો છે. બીજી તરફ છેલ્લા ચોવીસ કલાકમાં ૨૬૬૯ નવા કેસ નોંધાયા છે. મહામારીએ માથુ ઉંચકતા કર્ણાટકમાં નાતાલ-નવા વર્ષની ઉજવણી પર નિયંત્રણો મુકતી માર્ગદર્શીકા જારી કરવાની તૈયારી કરવામાં આવી છે. કર્ણાટકની જેમ ચંદીગઢમાં પણ વયસ્કો માટે માસ્ક ફરજીયાત કરવામાં આવેલ છે.



જીનોમ સિકવન્સીમાં છેલ્લા બે સપ્તાહમાં જે પૃથ્થકરણ થયેલા કોરોનાના પોઝીટીવ કેસોનાં સેમ્પલમાં તમામમાં નવો વેરીએન્ટ્ જેએન-૧ હોવાનું ખુલ્યુ છે. જોકે એવી ચોખવટ કરવામાં આવી છે કે છેલ્લા મહિનાઓમાં તમામ લેબોરેટરી પોઝીટીવ કેસનાં સેમ્પલ જીનોમ સિકવન્સીંગ માટે મોકલતી ન હતી એટલે એકદમ સચોટ ચિત્ર ઉપસી શકે તેમ નથી.બીજી તરફ આજે ભારતમાં કોરોનાના નવા ૩૮૫૮ કેસ નોંધાયા હતા. આ સાથે એકટીવ કેસોની સંખ્યા ૨૬૬૯ પર પહોંચી છે. કેરળ, કર્ણાટક, ગુજરાત, તામીલનાડુ તથા મહારાષ્ટ્રમાં કેસ નોંધાયા હતા.કર્ણાટકમાં કોરોનાથી બે લોકોના મોત નીપજયા હતા.

તેઓની ઉંમર ૪૪ અને ૭૬ વર્ષની હોવાનું જાહેર થયુ છે. તે પૈકી એકને તો કોઈ લક્ષણો ન હતા જયારે બીજાને શ્વાસની તકલીફ હતી. કર્ણાટકમાં કોરોનાના એકટીસ કેસોની સંખ્યા ૯૨ પર પહોંચી છે. કર્ણાટકમાં કોરોનાના વધતા કેસોને પગલે નિયંત્રણો લાગુ પાડવાની તૈયારી શરૂ કરવામાં આવી છે.નાતાલ તથા ન્યુયર પાર્ટીઓ સહીતની ઉજવણી માટે માર્ગદર્શીકા બહાર પાડવાની વિચારણા શરૂ કરવામાં આવી છે.બેંગ્લોરમાં રેસ્ટોરા-પબ સંચાલકોએ માસ્ક ફરજીયાત બનાવવાનું નકકી કર્યુ છે. સાથોસાથ રેસ્ટોરામાં પ્રવેશતા લોકોની આરોગ્ય ચકાસણી ફરજીયાત કરી છે. ન્યુયર ઉજવણીમાં સંખ્યા નિયંત્રણના પગલા પણ વિચારવાનું શરૂ કરાયું છે.



# હળવદના ચરાડવાના રામનગર ગામમાં ગટરના પાણીની ગંદકીથી માર્ગો પર ગંદકીનું સામ્રાજ્ય

## માર્ગ પર પાણીના ખાબોચીયા મચ્છરોની ફેક્ટરી બન્યાં : રોગચાળો ફેલાવાની ભીતિ




**મુખ્ય સમાચાર, રમેશ ઠાકોર**

**હળવદ:** ચરાડવા ગામમાં ગટરના પાણીની ગંદકીથી માર્ગો પર ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે. મંદિર તરફ જવાના રસ્તા પર ગટનું ગંદુ પાણી ખુલ્લેઆમ છોડવામાં આવે છે. જેના કારણે ગ્રામજનોને આ ગંદા પાણીમાં થઈ અવર-જવર કરવી પડે છે. એક મહિનાથી આ ગટરના પાણીની સમસ્યા રહેલી છે. જે અંગે ગામના સરપંચ તથા તલાટીને અનેકવાર રજુઆતો કરવા છતાં આ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

ખુલ્લી ગટરો હોવાથી લોકોમાં રોષ ભભૂકી ઊઠયો છે. અપાર ગંદકી ધરાવતા આ વિસ્તારોમાં રહેતા લોકો રોગચાળોનો પહેલો શિકાર બની શકે તેવી ભીતિ સેવાઈ રહી છે.રામનગર વિસ્તારમાં ગંદું પાણી સંગ્રહિત થયેલું છે. નિકાલ ન થતો હોવાથી અહીં પાણી ભરાયેલું રહે છે અને તેમાં મચ્છરો તેમ જ બીજા જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો છે. વહેલીતકે આ વિસ્તારમાં કાદવકિચડ અને ગંદકી સાફ કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

# જામનગરના અંબર ચોકડી પાસે ફ્લાય ઓવરબ્રિજના કામ માટે માર્ગ બંધ કરાતા ટ્રાફિક જામના દ્રશ્યો






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સાતરસ્તાથી નાગનાથ નાકા સુધીના રસ્તા પર ફ્લાય ઓવર બનાવવામાં આવી રહ્યો છે. તેના ચાલી રહેલા કામમાં આજથી અંબર ચોકડી પાસે રસ્તો બંધ કરવામાં આવ્યો છે. જેથી તીનબત્તી તરફ જતો માર્ગ બંધ થયો છે. તેના કારણે ટ્રાફિકજામની પરિસ્થિતિ ઉદ્ભવી છે. જી.જી. હોસ્પિટલથી દાંડિયા હનુમાન મંદિર થઈ વૈકલ્પિક રસ્તો જાહેર કરવામાં આવ્યો છે પરંતુ બંને રોડનો ટ્રાફિક એક રોડ પર ડાયવર્ટ થતાં ગુરૂદ્વારા ચોકડી પર પણ ટ્રાફિકજામ સર્જાઈ ગયો હતો. છેલ્લા દોઢેક વર્ષથી ફ્લાય ઓવરનું ચાલતું કામ શહેરના બાકીના માર્ગોને સાંકડા બનાવી રહ્યું છે અને તેના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાતી રહી છે. તેમાં આજે અંબર ચોકડીવાળો માર્ગ બંધ થતાં આજ સવારથી વાહનચાલકો ટ્રાફિકમાં ગુંચવાઈ ગયા છે. અંબર ચોકડી નજીક પતરાની આડશ મૂકી રસ્તો બંધ કરી દેવાયો છે. જેના કારણે નાગનાથ નાકા બાજુ કે તીનબત્તી તરફ જતાં વાહનો ગુરૂદ્વારા ચોકડી થઈને વાયા લીમડા લેન પસાર થઈ રહ્યા છે જેથી ત્યાં પણ ટ્રાફિકજામ સર્જાયો હતો. આજથી ૨૧ દિવસ સુધી અંબર ચોકડી નજીકના માર્ગ પર વીજલાઈન, ભૂગર્ભ ગટરના સીફ્ટીંગ માટે કામ ચાલુ કરાતા નવી સમસ્યા ઉદ્ભવી છે. આગામી સમયમાં જ્યારે અંબર ચોકડી સુધી આવી પહોંચેલા ફ્લાય ઓવરના કામ વચ્ચે જ્યારે તે બ્રિજને ઈન્દિરા માર્ગ કે ગુરૂદ્વારા ચોકડી પાસેથી જોડવાની કામગીરી શરૂ થશે ત્યારે વાહનચાલકોને પડનારી મુશ્કેલી અને ઉદ્ભવનારી ટ્રાફિક સમસ્યાની કલ્પના ધ્રુજારી છોડાવી રહી છે. જો કે, આ માર્ગ માટે શહેરના તંત્રવાહકો પાસે અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ નથી ત્યારે ભવિષ્યમાં ઓવરબ્રિજના કારણે મળનારી સુવિધાને નજરમાં રાખીને નાગરિકોએ થોડા દિવસો માટે તે સમસ્યાનો સામનો કરવાનો જ રહેશે. આજે સવારે સર્જાયેલા ટ્રાફિકજામ વચ્ચે ત્રણ દિવસ માટે વાર્ષિક ઈન્સ્પેક્શન અન્વયે જામનગર આવેલા રાજકોટ રેન્જ આઈજી અને તેમની પાછળ જિલ્લા પોલીસવડાનો કાફલો પણ ટ્રાફિકમાં ગુંચવાઈ ગયો હતો. બે દિવસ પહેલાં જ આ રોડ બંધ કરવાનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યા પછી પણ તે જાહેરનામાથી અજાણ કેટલાક વાહનચાલકો નિત્યક્રમ મુજબ જ્યારે અંબર ચોકડી સુધી આવી લાગ્યા તે પછી રસ્તો બંધ હોવાનું જણાતા તેઓએ નજીકમાં આવેલી શેરી-ગલીઓમાંથી પોતાના વાહનો કાઢવા પડ્યા હતા અને તેના કારણે ટ્રાફિક વધુ ગુંચવાઈ જવા પામ્યો હતો. ટ્રાફિક પોલીસ, હોમગાર્ડઝ જવાનો અને ટીઆરબીના સદસ્યોએ ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો

# મોરબી જીલ્લામાં ચાઈનીઝ દોરા, તુક્કલ, લેન્ટર્ન ખરીદ-વેચાણ તેમજ ઉડાડવા પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, મોરબી**

આગામી ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ ના મકારસંક્રાંતિનો તહેવાર આવી રહ્યો છે. ઉતરાયણ જેવા તહેવારો વખતે ચાઇનીઝ લોન્ચર, ચાઇનીઝ તુક્કલ, ચાઇનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં ઉડાવવામાં આવે છે. આ ચાઇનીઝ તુક્કલમાં હલકી ગુણવત્તાના સળગી જાય તેવા વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. આ ઉપરાંત સળગતું તુક્કલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપત્તિને નુકશાન થાય છે. આથી, આ પ્રકારના પ્રસંગો બનતા અટકાવવા મોરબી જિલ્લામા તા.૨૦-૦૧-૨૦૨૪ સુધી ચાઇનીઝ લોન્ચર, ચાઇનીઝ તુક્કલ, ચાઇનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ અને ઉડાવવા ઉપર પ્રતિબંધ માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જી.ટી.પંડ્યા દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ છે.

જાહેરનામા અનુસાર મોરબી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યક્તિએ જાહેર રસ્તા(ફૂટપાથ સહિત)ઉપર પતંગ ઉડાવવા પર, હાથમાં લાંબા ઝંડા, વાંસના બાંબુઓ, વાંસની પટ્ટીઓ, ધાતુનાં તારનાં લંગર કે વાંસ વગેરેની મદદથી કપાયેલ પતંગો કે દોરા મેળવવા પર, ટેલિફોન કે ઇલેક્ટ્રિકના તાર ઉપર લંગર કે દોરી નાખવા ઉપર, જાનનું જોખમ થાય તે રીતે રસ્તા(ફૂટપાથ સહિત) ઉપર કે ભયજનક ધાબા પર ચડીને પતંગ ઉડાવવા ઉપર, આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર, આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ પર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાવવા ઉપર, પ્લાસ્ટિક/સિન્થેટીક મટીરીયલ, ટોકસ્ટીક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચ તથા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી/ ચાઇનીઝ માંજાના પાકા દોરા તથા ચાઇનીઝ પ્લાસ્ટિકની બનાવટના ચાઇનીઝ દોરા તથા આયાતી દોરાનાં જથ્થાબંધ વેપાર તથા આયાત કરી ખરીદ-વેચાણ, સંગ્રહ અને વપરાશ તેમજ આવા દોરાના પતંગ ઉડાવવા ઉપર, ચાઇનીઝ લોન્ચર, ચાઇનીઝ તુક્કલ, ચાઇનીઝ લેન્ટર્નના જથ્થાબંધ વેપાર તથા આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ / ઉડાવવા ઉપર મનાઇ ફરમાવેલ છે.

# આગામી ૨૨ ડિસેમ્બરના આઈ.ટી.આઈ.વાંકાનેર ખાતે ઔદ્યોગિક ભરતી મેળો યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

રોજગાર વિનિમય કચેરી મોરબી દ્વારા તા.૨૨-૧૨-૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આઈ.ટી.આઈ. વાંકાનેર, વાંકાનેર-રાજકોટ રોડ, વાંકાનેર ખાતે ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં મોરબી જીલ્લાના ખાનગી ક્ષેત્રોના વિવિધ નોકરીદાતાઓ ઉપસ્થિત રહીને વિનામુલ્યે પસંદગીની કાર્યવાહી કરશે. જેથી ખાનગી ક્ષેત્રે નોકરી મેળવવા ઇચ્છુક, નોન મેટ્રીક, એસએસસી, એચએચસી, આઇટીઆઇ, સ્નાતક વગેરેની લાયકાત ધરાવતા તથા ૧૮ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા ઉમેદવારોએ, તેમના તમામ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઇજના ફોટોગ્રાફ, અધારકાર્ડ, બાયોડાટા વગેરે સાથે સ્વખર્ચે ભરતીના સ્થળે નિયત સમયે અને તારીખે અચુક ઉપસ્થિત રહેવું. રોજગાર વિનિમય કચેરી ખાતે નામ નોંધણી નહી કરાવેલ ઉમેદવારો પણ હાજર રહી શકશે તેમ મોરબી જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# જામનગરની પેઢીના સંચાલક દ્વારા રૂ.૩૭૦ કરોડનું બોગસ બિલીંગ કૌભાંડ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં માત્ર કાગળ પર જ ધંધો કરતી એક પેઢી દ્વારા રૂ.૩૭૦ કરોડના બોગસ બીલ બનાવી રૂ. ૬૭ કરોડ ૭૨ લાખની ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેવામાં આવી હોવાનું ખૂલતાં આ પેઢીના સંચાલક યુવાનની ધરપકડ કરાયા પછી અદાલતે તેને જેલમાં મોકલી આપવા હુકમ કર્યો છે. રાજકોટ સીજીએસટી હેડકવાર્ટ પ્રિવેન્ટીવની ટીમ દ્વારા જામનગરના એક વેપારીને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરી ખોટી રીતે લેવાયેલ રૂ.૬૭.૭૨ કરોડની આઇટીસીના કૌભાંડમાં એક શખ્સની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ સીજીએસટી હેડકવાર્ટર પ્રિવેન્ટીવના ડે.કમિશનર રાજેશ દહિયાના માર્ગદર્શન સુપ્રિ. અરૂણકુમાર,નરેન્દ્રસિંઘ સહિતના સુપ્રિ. અને ઈન્સપેકટરો દ્વારા જામનગરમાં આવેલ મેસર્સ એમ.એન.ઈમ્પેક્ષ નામની પેઢી કે જે બ્રાસ અને કોપરનો માત્ર કાગળ પર ધંધો કરતી હોવાની મળેલી માહિતીના આધારે તેના જીએસટી નંબર દ્વારા તપાસ કરવામા આવી હતી અને પરાગ નાથાલાલ હરિયા નામનો શખ્સ માત્ર બીલો જ ઈસ્યુ કરી ખોટી રીતે આઇટીસી લેતો હોવાનું માલુમ પડયા બાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામા આવ્યું હતું અને તપાસ કરતા બોગસ બીલીંગ કરતો હોવાનું માલુમ પડયું હતું.આથી તેની પુછપરછ હાથ ધરવામા આવી હતી અને તેના દ્વારા કુલ અંદાજે રૂ.૩૭૦ કરોડના બ્રાસ અને કોપરના બોગસ બીલો બનાવી રૂ.૬૭.૭૨ કરોડની ખોટી આઇટીસી એ લીધાનું બહાર આવતા તેની ધરપકડ કરી ચીફ.જયુ.મેજી.સામે રજૂ કરવામાં આવતા જયુ.કસ્ટડીમાં મોકલી આપવામા આવેલ છે.બ્રાસ અને કોપરના ટ્રેડીંગ પર ૧૮ ટકા આઇટીસી આપવામા આવતી હોવાને કારણે ઉપરોકત શખ્સ દ્વારા આ કોમોડીટીમાં બીલીંગ કર્યાનું બહાર આવ્યું છે. બોગસ બિલ લેનારા ઉપર પણ સંકજો કસવા તૈયારી જામનગરની કાગળ પરની પેઢી એમ.એન.ઈમ્પેક્ષના ખુલેલા જીએસટી કૌભાંડના પગલે આ પેઢી પાસેથી બોગસ બિલ લેનારા વેપારીઓને પણ સાણસામાં લેવા સીજીએસટી તંત્રએ ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

# ટંકારા તાલુકાના ઓટાળા ગામની બાળાઓએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથને ફુલડેથી વધાવ્યો

## સરકારની વિવિધ યોજનાઓનો લાભ તમામ ગામો સુધી પહોંચી શકે તે માટે ગામડાઓ ખુંદી રહ્યા છીએ:ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા





**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના ઓટાળા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ લોક કલ્યાણી યોજના સાથે પહોંચીને લોકોને વિવિધ યોજનાથી લાભાન્વિત કર્યા હતા. આ પ્રસંગે ટંકારા ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેંદ્રભાઈ મોદી જ્યારથી વડાપ્રધાન બન્યા છે ત્યારથી જ દેશના લોકોને વિવિધ યોજનાઓનો લાભ મળી રહે તે માટે પ્રયાસ કરી રહ્યા છે અને તેમની આ યોજનાઓનો લાભ તમામ ગામો સુધી પહોંચી શકે તે માટે અમે ગામડાઓ ખુંદી રહ્યા છીએ. આ રથ થકી કેન્દ્ર સરકારની ૧૭ યોજનાના લાભ વંચિતો સુધી પહોચાડવામાં આવી રહ્યા છે.

ઉપરાંત મહાનુભાવોનાં હસ્તે ઓટાળા ગ્રામ પંચાયતમાં સો ટકા નલ સે જલ યોજના હેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ ગ્રામ પંચાયતને પ્રમાણપત્ર આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકર્ડ કરેલો સંદેશો સાંભળી ભારતની વિકાસ યાત્રાને પ્રદર્શિત કરતી પ્રદર્શન ફિલ્મ નિહાળી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામજનો વિકસિત ભારત માટેના શપથ લઈને દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયાં હતાં.

કાર્યક્રમ સ્થળે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ઉભા કરાયેલા પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રાશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પણ વિનામૂલ્યે આરોગ્યની તપાસનો સ્ટોલ ઉપરાંત ઉજ્જવલા યોજના, પશુપાલન વિભાગ, લીડ બેંક વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા અગ્રણી સર્વશ્રી અશોકભાઈ ચાવડા, દિનેશભાઈ વાઘડિયા, ભાવિનભાઈ, ઓટાળા ગામના ઉપસરપંચશ્રી તથા આરોગ્ય વિભાગ, આઈસીડીએસ, બેંક સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને ઓટાળાના ગ્રામજનો જોડાયા હતા.

# મોરબીના જલારામ પ્રાર્થના મંદિરમાં મહાપ્રસાદ યોજી પુત્રના જન્મદીનની ઉજવણી કરતા ટ્રાફિક પીએસઆઈ ડી.બી. ઠક્કર

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**




**મોરબી:** વિવિધ પ્રકારની માનવસેવા પ્રદાન કરતા શ્રી જલારામ પ્રાર્થના મંદિર-મોરબી ખાતે બપોરે તેમજ સાંજે સદાવ્રત દ્વારા લોકોની જઠરાગ્નિ તૃપ્ત કરવાનો અનોખો સેવા યજ્ઞ ચલાવવામાં આવે છે ત્યારે મોરબી ટ્રાફીક શાખામાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા ડી.બી.ઠક્કર દ્વારા તેમના સુપુત્ર બ્રિજભાઈ ઠક્કર ના ૨૧માં જન્મદીનની ઉજવણી સદાવ્રતમાં મહાપ્રસાદ યોજી કરવામાં આવી હતી.

પ્રવર્તમાન સમયે લોકો પોતાના સ્વજનોના જન્મદીનની ઉજવણી વૈભવી રીતે કરતા હોય છે ત્યારે પીએસઆઈ ઠક્કર દ્વારા સેવા કાર્યમાં સહયોગ આપી લોકોની જઠરાગ્નિ તૃપ્ત કરી સમાજને નવો રાહ ચિંધ્યો છે. આ તકે પીએસઆઈ ડી.બી. ઠક્કર, નીતાબેન દીલીપભાઈ ઠક્કર, બ્રિજભાઈ ઠક્કર, હેમાંગીબેન ઠક્કર, મીતભાઈ ઠક્કર સહીતના ઠક્કર પરિવારના સભ્યોએ ઉપસ્થિત રહી તેમના વરદ્ હસ્તે પ્રસાદ વિતરણ કર્યુ હતુ. તેમની આ પ્રેરક ઉજવણી બદલ મોરબી જલારામ પ્રાર્થના મંદિરના ગીરીશભાઈ ઘેલાણી, હરીશભાઈ રાજા, ભાવીનભાઈ ઘેલાણી, નિર્મિત કક્કડ, ચિરાગ રાચ્છ, અનિલભાઈ સોમૈયા, કીશોરભાઈ ઘેલાણી સહીતના અગ્રણીઓએ અભિનંદન સહ જન્મદીનની શુભકામના પાઠવી હતી.

# મોરબીની સરદાર સોસાયટીમાં પુજીત અક્ષત કળશનું સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**





અયોધ્યાથી આવેલ રામ જન્મભૂમિના પુજીત અક્ષતના કળશનું સરદારનગર સોસાયટીમાં ભવ્ય સામૈયું અને સ્વાગત કરવામાં આવ્યું.

હાલ સમગ્ર દેશ અને દુનિયાની સાથે સાથે મોરબી પણ આગામી ૨૨,જાન્યુઆરીએ અયોધ્યા ખાતે થનાર ભગવાન રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આનંદ અને ખુશી જોવા મળી રહી છે, વર્ષોની પ્રતિક્ષા બાદ અયોધ્યા ખાતે ભગવાન રામનું ભવ્ય અને દિવ્ય મંદિર નિર્માણ થયું છે ત્યારે અયોધ્યાથી આવેલ રામ જન્મભૂમિના પુજીત અક્ષતના કળશનુ ચિત્રાકુટ ઉપનગરની હાઉસિંગ બોર્ડ વસ્તીમાં સરદારનગર ૧ અને ૨, ધર્મ વિજય રેસીડેન્સી અને સતનામ ધૂન મંડળના રામભક્તો દ્વારા ભવ્યાતિભાવ્ય ઢોલ ત્રાસા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ બાળાઓ દ્વારા સામૈયુ પણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ અક્ષત કળશને વાજતે ગાજતે સતનામ ધૂન મંડળના સેવા કાર્યોના લાભાર્થે સરદારનગર સોસાયટીમાં ચાલી રહેલી ભાગવત સપ્તાહના કથા મંડપમાં સર્વે ભક્તો તેના દર્શન અને પૂજનનો લાભ લઇ શકે તે માટે કાલ સવાર સુધી રાખવામાં આવશે એવું રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સંદિપભાઈ લોરિયાની યાદીમાં જણાવયું છે.

# જસદણના ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝના સંચાલકની બહેન સેજલના લગ્ન પ્રસંગમાં હાજરી આપતા કુંવરજીભાઈ બાવળિયા તથા આગેવાનો

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**




**જસદણ:** જસદણના લીલાપુર ગામે વસંતબેન તથા શંભુભાઈ રામાણીની સુપુત્રી તથા શ્રી ગેલ અંબે ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝના માલિક સાગરભાઇ રામાણી તથા સંજયભાઈ રામાણીના બહેન ચી સેજલ ના શુભ લગ્ન વિરનગર નિવાસી અસૌ નયનાબેન તથા ખીમજીભાઈ ભીખાભાઈ રાદડિયા ના સુપુત્ર રવિ સાથે નિર્ધાયા હતા આ શુભ પ્રસંગે રાજ્ય સરકારના કેબિનેટ મિનિસ્ટર અને જસદણ વિછીયાના ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયા તથા પૂર્વ નગરપતિ ધીરુભાઈ ભાયાણી જસદણ નગરપાલિકાના પૂર્વ સદસ્ય અને માર્કેટિંગ યાર્ડના પૂર્વ ડિરેક્ટર નરેશભાઈ ચોહલીયા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ પીવીભાઈ ભાયાણી ડાયમંડ ઉધોગપતિ વિઠ્ઠલભાઈ સિદ્ધપરા ચંકીતભાઇ રામાણી સહિત અનેક આગેવાનોએ આ શુભ લગ્ન પ્રસંગમાં હાજરી આપી હતી અને નવ દંપતીને શુભ આશીર્વાદ પાઠવ્યા હતા.

# જામનગર જિલ્લા જેલની આઈજીએ લીધી મુલાકાત





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા જેલની આઈજીએ લીધી મુલાકાત.ગાર્ડ ઓફ ઓનર અપાયા પછી તમામ યાર્ડ, બેરેકનું કરાયું નિરીક્ષણ જામનગરની જિલ્લા જેલમાં રાજકોટ રેન્જના આઈજી અશોકકુમાર યાદવ જાત નિરીક્ષણ માટે આવી પહોંચ્યા હતા. તેઓનું જેલ અધિક્ષક એમ.એન. જાડેજાએ પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યા પછી જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુની ઉપસ્થિતિમાં આઈજીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આઈજીએ જેલમાં રહેલા તમામ યાર્ડ, બેરેકની મુલાકાત લીધી હતી. આ વેળાએ ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા તેમજ એલસીબી, એસઓજીનો પોલીસ કાફલો પણ સાથે જોડાયો હતો.

# રાજકોટ બારનાં વર્તમાન પ્રમુખ, પૂર્વપ્રમુખો, વિવિધ બારનાં સુકાનીઓ, જ્ઞાતિનાં આગેવાનો દ્વારા વકીલ મતદારોને આવતીકાલે સમરસ પેનલ તરફી મતદાન માટે હૃદયસ્પર્શી અપીલ








**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતિકાલે રાજકોટ બાર એસોસીએશનની ચુંટણી યોજાવા જઈ રહી છે ત્યારે રાજકોટ બાર એસોસીએશનનાં હાલનાં પ્રમુખ તથા પૂર્વ પ્રમુખો, વિવિધ બારનાં હોદેદારો, અલગ અલગ જ્ઞાતિનાં વકીલ સંગઠનોએ તમામ વકીલમિત્રોને સમરસ પેનલનાં તમામ ઉમેદવારોને પેનલ ટુ પેનલ જંગી બહુમતીથી જીતાડવા હૃદયસ્પર્શી અપીલ કરી છે.

લલીતભાઈ શાહી : વર્તમાન રાજકોટ બાર એસોસીએશનનાં પ્રમુખશ્રી લલીતસિંહ સાહીએ ખાસ અપીલ કરતા જણાવ્યું હતુ કે રાજકોટ બારનું સુકાન વકીલાત કરતા, વકીલોને સમજતા લોકોને હાથમાં આપવું જરૂરી છે, ગત વર્ષે જ્યારે બહુમતી વકીલ આલમએ અમારી સિનીયર વકિલોની પેનલને બારનું સુકાન સંભાળવાની પહેલ કરી ત્યારે અમુક કાયમ માટે હોદાની ભુખ ધરાવતા લોકોએ બહુમતી લોકોની લાગણીને ઠુકરાવી, પોતાની પદ લાલસાને સંતોષવા સિનીયર વકિલો સામે ફોર્મ ભરેલા જેથી સિલેકશનને બદલે ઈલેકશન કરવાની નોબત આવી પડી હતી. ત્યારે હાલની આ સમરસ પેનલનાં પ્રમુખ કમલેશભાઈ શાહ સહીતનાં લોકોએ ખંભે ખંભા મિલાવી આવા લોકોને હાર અપાવી પદાર્થપાઠ ભણાવ્યો હતો. માટે હવે આ લોકોને ખંભા ઉપર બેસાડીને સુકાન સોંપવાની આપણી સૌની ફરજ છે.

તુલસીદાસ ગોંડલીયા : રાજકોટ બાર એસોસીએશન ઈતિહાસ ખૂબ ભવ્ય રહયો છે, સમાજમાં ખૂબ આગવું સ્થાન ધરાવતા અને આગેવાનોએ રાજકોટ બારનું સુકાન સંભાળી આજની તારીખે પણ જેને લોકો યાદ કરે છે તેવા કામો કર્યા છે. બારનું હીત જેના હૈયા હોય તેવા લોકો બારનું સુકાન સંભાળે તે આજની સમયની માંગ છે. વકીલોમાં સિનિયર હોય કે જુનિયર કે પછી મહિલા વકીલો તમામને અલગ અલગ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે ત્યારે પોતાની વાત રજુ કરવા માટે સક્ષમ અને યોગ્ય નેતૃત્વ હોય તો જ સમસ્યાઓનું સમાધાન શક્ય બને છે. હાલની આ સમરસ ટીમનાં એકેએક ઉમેદવાર પોતાની જવાબદારી સંભાળવા માટે તત્પર અને યોગ્ય છે, તેનાંથી રૂડુ બીજું શુ હોય શકે.

અનિલભાઈ દેસાઈ : ગત વર્ષે સિનીયર વકીલોની પેનલને સુકાન સોપી એક નવો જ લેન્ડમાર્ક સ્થાપીત કરવામાં રાજકોટ બાર એસોસીએશન માધ્યમ બન્યું ત્યારે સિનીયર વકીલોની પેનલએ વર્ષો સુધી રાજકોટના વકીલો યાદ કરે તેવા કાર્યો કરી બતાડયા છે, આપણા સિનીયરોની શરૂ કરેલ આ વિકાસ યાત્રાને ચાલુ રાખવા સમરસ પેનલનાં તમામ ઉમેદવારો સક્ષમ છે, તો તેમને મત આપી મજબુત બનાવવાની આપણી પવિત્ર ફરજ છે. આવતિકાલે માત્ર થોડી મીનીટ કાઢી આવનાર પેઢીનાં ભવિષ્યને ઉજજવળ બનાવવા માટે અવશ્ય મતદાન કરવું જોઈએ.

પિયુષભાઈ શાહ : હાલની ભાજપ લીગલ સેલ પ્રેરીત આ સમરસ પેનલમાં તમામ ઉમેદવારો સ્વચ્છ પ્રતિભા ધરાવતા અને વિવિધ ક્ષેત્રે વકિલાત કરતા સિનીયર અને જુનિયરનું સંતુલન ધરાવતી ટીમ છે. જેમાં હોંશ અને જોશ બન્ને સુભગ સમન્વય દેખાય છે, આ નવી ટીમ વકીલોના પ્રશ્નોને નજીકથી સમજી શકે તેવા જમીન સાથે જોડાયેલા લોકો છે. અને ભવિષ્યમાં વકીલ આલમ માટે શ્રેષ્ઠ કાર્ય અવશ્ય કરશે.

અર્જુનભાઈ પટેલ : વર્તમાન સમયમાં રાજકોટ બારમાં અમુક લોકોને વ્યકિતગત પદ લાલસ ખૂબ વધી ગઈ છે, ચોમાસમાં જેમ આખું વર્ષ છુપાઈને રહેતા દેડકાઓ નિકળી પડે તેમ અમુક સત્તા લોભી તત્વો દર વખતે ચુંટણી સમયે દેડકાની માફક કુદી પડે છે, પોતાને મળેલું પદ પોતાના વાહનમાં લગાડીને ખોટા સીનસપાટા જમાવતા આ તત્વોને એ જ સમજ નથી કે પોતાની મળેલું પદ એક જવાબદારી સ્વરૂપે મળેલ સ્થાન છે. હાલની સમરસ પેનલને જીતાડીને કાયમ પદ મેળવવાનાં ધખારા રાખતા લોકોને જાકારો આપી રાજકોટ બારમાં ખરેખર પદને લાયક લોકોને જ મતદારો પસંદ કરે છે, તેવી છાપ છોડવાની જરૂર છે. સમગ્ર વકીલ આલમ બુધ્ધીશાળી છે અને સમજીને મતદાન કરશે તેવી બધા પાસે આશા રાખું છું.

સંજયભાઈ વ્યાસ : હાલની સમરસ પેનલમાં ઉમેદવારોનો પરીચય જોઈએ તો તમામ જ્ઞાતિ, સિનીયોરીટી, યુવા ધન, વિવિધ ક્ષેત્રમાં કામ કરતા અને માત્ર વકિલાત કરતા મિત્રો જે પ્રથમવાર જ ઉમેદવારી નોંધાવી રહયા છે, સ્વચ્છ છબી, બેદાગ વ્યકિતત્વ, સૌને સાથે લઈને ચાલવાની ભાવના ધરાવતા લોકોની આ ટીમ જંગી લીડથી જીતાડીને આવનાર ભવિષ્યને સુરક્ષિત કરવાનો આ સોનેરી અવસર છે.

## ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલની ચુંટણી પ્રચાર ઝુંબેશ આંકડાકીય દ્રષ્ટીએ




૧૫ થી વધુ જ્ઞાતિનાં વકીલ સંગઠનોનું સમર્થન
૧૦ થી વધુ બાર એસોસીએશનનો ટેકો
૫૦ થી પણ વધુ મીટીંગ, સભા, સ્નેહમિલનો, સંમેલનો યોજાયા
૬૦ થી પણ વધુ વિસ્તારોમાં વકીલ મતદારોની ઓફીસે ડોર ટુ પ્રચાર ઉમેદવારો, સમર્થકોની૫૦ સભ્યોવાળી ટીમ ફરી વળી
૧૮ થી વધુ પ્રકારનાં પ્રચાર માધ્યમો, પરીચય પત્રીકા, પેમ્પલેટ, બેનર, હોર્ડીંગ, પ્રિન્ટ મીડીયા,સોશ્યલ મીડીયા, વોઈસ ઓવર વીગેર દ્વારા વ્યાપક પ્રચાર
૧૭૫ થી વધુ કાર્યકર્તાઓની ફોજ પ્રચાર કાર્યમાં જોડાઈ
૨૭૫૦ થી વધુ વકીલ મતદારોનો ડોર ટુ ડોર પ્રચાર દ્વારા રૂબરૂ સંપર્ક કરાયો

# ક્ષત્રિય વકીલો દ્વારા બાર એસો.ની ચૂંટણીમાં ભાજપ પ્રેરીત સમરસ પેનલને ખુલ્લુ સમર્થનઃ હરીફોમાં સોપો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તા.૨૨નાં રોજ યોજનારા રાજકોટનાં વકિલોની માતૃસંસ્થા રાજકોટ બાર એસોસીએશનની ચુંટણીનાં સંદર્ભે રાજકોટનાં ક્ષત્રીય વકિલશ્રીઓની એક મીટીંગ રવિવારનાં રોજ મળેલ હતી જેમાં ક્ષત્રીય સમાજની પેટા તમામ જ્ઞાતિનાં વકિલશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમને સમરસ પેનલમાં ઉમેદવારી નોંધાવનાર ક્ષત્રીય વકિલ ઉમેદવારો સહીત સમગ્ર સમરસ પેનલનાં સમર્થનમાં જંગી ટેકો જાહેર કરી આખી પેનલને જંગી બહુમતીથી વિજેતા બનાવવાની નેમ જાહેર કરેલ હતી.

આ મીટીંગમાં ક્ષત્રીય સમાજનાં અગ્રણી એડવોકટ સર્વશ્રી સમરસ પેનલનાં ટ્રેઝરર પદનાં ઉમેદવાર આર.ડી. ઝાલા, આગેવાન-વકિલ અશોકસિંહ વાઘેલા, સિનીયર એડવોકેટ જે.એફ રાણા, મહિલા એડવોકેટ અને હાલની બોડીનાં મહીલા અનામત કારોબારી સભ્ય રજનીબા રાણા, રાજભા સતુભા જાડેજા, ડી.બી.ગોહિલ, ચંદ્રસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, રામદેવસિંહ ઝાલા, શૈલેન્દ્રસિંહ જાડેજા, રાજભા ઝાલા, ઇન્દુભા ઝાલા, દુર્લભસિંહ રાઠોડ, મયુરસિંહ ઝાલા, એચ.એલ. જાડેજા, શકિતસિંહ ઝાલા, હાર્દિકસિંહ ઝાલા, શિવરાજસિંહ ઝાલા, કુલદિપસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા, રાજભા ગોહિલ, દિલીપસિંહ જાડેજા, મુકુંદસિંહ સરવૈયા, ભરતસિંહ જાડેજા ઉપરાંત કારડીયા તેમજ સોરઠીયા રાજપુત સમાજના અગ્રણી એડવોકેટો સર્વશ્રી ભગીરથસિંહ હરિસિંહ વાઘેલા, રૂપરાજસિંહ પરમાર, ડોડીયા, કમલેશભાઈ ડોડીયા, ક્રિમીનલ રણજીતભાઈ પટગીર, વિજયભાઈ પટગીર, બોરીચા ભુપેન્દ્રસિંહ, દીલીપભાઈ ખાચર, હરેશભાઈ ખાચર, ભાર્ગવરાજસિંહ વાળા, ઉમેદભાઈ બસીયા, નાથુભાઈ ખાચર વિગેરે આ મીટીંગમાં હાજર રહ્યા હતા. ક્ષત્રીય સમાજની તમામ જ્ઞાતિનાં વકિલશ્રીઓએ સમરસ પેનલનાં તમામ ઉમેદવારોને ખુલ્લો ટેકો જાહેર કરી સમર્થન આપતા અન્ય હરીફોમાં જબરો સોપો પડી ગયાના સમાચાર મળી રહ્યા છે. અને સમરસ પેનલનાં તમામ ઉમેદવારો જંગી જીત મેળવે તેવું વાતાવરણ બની ગયું છે. બાર એસો.ની પ્રમુખ એન.ડી. ચાવડા, રાજકુમાર હેરમાં, અજયસિંહ ચૌહાણ, હાર્દીક ડોડીયા, ખોડુભા સાકરીયા, કિરીટ નકુમ, જીજ્ઞેશભાઈ ડોડીયા, કૈલાશભાઈ ડોડીયા, શકિતભાઈ ગોહેલ, ભાવેશભાઈ ડોડીયા, હિમાંશુભાઈ ડોડીયા, રવિરાજસિંહ રાઠોડ, હિતેષભાઈ સાકરીયા, યશવંતસિંહ ચાવડા, વિશાલ નટવરભાઈ સોલંકી, જે.વી. પરમાર, ધર્મેશભાઈ સોલંકી, શ્યામલભાઈ રાઠોડ, દિવ્યેશભાઈ પરમાર તેમજ કાઠી ક્ષત્રીય સમાજના આગેવાનોમાં રઘુવીરભાઈ બસીયા,, રણજીતભાઈ પટગીર, વિજયભાઈ પટગીર, બોરીચા ભૂપેન્દ્રસિંહ વિગેરે આ મીટીંગમાં હાજર રહ્યા હતા. ક્ષત્રિય સમાજની તમામ જ્ઞાતિના વકીલોએ સમરસ પેનલમાં તમામ ઉમેદવારોને ખુલ્લો ટેકો જાહેર કરી સમર્થન આપતા અન્ય હરીફોમાં જબરો સોંપો પડી ગયો હતો. આ સમાચાર મળી રહ્યા છે અને સમરસ પેનલના તમામ ઉમેદવારો જંગી જીત મેળવે તેવું વાતાવરણ બની ગયું છે.

# રાજકોટની ટાઉન પ્લાનિંગ સ્કીમની પ્રક્રિયા પૂરી કરવા રીયલ રાજકોટ ડેવલમેન્ટ એસો. કરી માંગ



રાજકોટ શહેર ચારેય દિશામાં વિકાસ કાર્યો ગતિમાન છે અને તે માટે ટાઉન પ્લાનિંગ સ્કીમો મંજુર થવી જરૂરી છે. આ અંગે આજે રીયલ રાજકોટ ડેવલમેન્ટ એસો. ટી.પી.ઓને રૂબરૂ મળી રજૂઆત કરી જણાવ્યું હતું કે, કચેરી તરફથી નિમતાણાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ ઉપરોક્ત ટાઉન પ્લાનિંગ સ્કીમોનું આગળનું કામ હાથ ધરી શકાય તેમ છે તેમજ આ અંગે આપને સ્થાનિક સત્તામંડળો, મહાનગરપાલિકા, અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી તથા કલેકટર દ્વારા પણ યાદી અને તાકીદ આપવામાં આવેલ છે તો તેનું તાત્કાલિક નિવારણ કરી મંજુરી આપશો.

# રાજકોટ જિલ્લા આઈ.સી.ડી.એસ.માં કાયમી મુસાફરી ભથ્થુંમાં થયેલ કૌભાંડમાં તકેદારી આયોગએ માગ્યો અહેવાલ

## તત્કાલીન ડી.પી.ઓ. વત્સલાબેન દવેએ ઠરાવથી ઉપરવટ જઈને નાંણા ચુકવ્યા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા મા આઇ.સી.ડી.એસ આઇ.સી.ડી.એસ વિભાગ મા ભૂતકાળ મા સરકારી ઠરાવ થી ઉપરવટ જઈને કાયમી મુસાફરી ભથ્થું ના નામે નાણાં તત્કાલીન પ્રોગ્રામ ઓફિસર વત્સલા બેન દવે ચૂકવી ને કૌભાંડ કરેલ હતું.

આ અંગે અરજદાર દ્વારા ગુજરાત તકેદારી આયોગ ને પુરાવા સાથે લેખિત ફરિયાદ કરી કરી હતી કે રાજ્ય સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના ઠરાવ ને ધ્યાને લીધા વિના તત્કાલીન પ્રોગ્રામ ઓફિસર વત્સલા દવે એ બે મુખ્યસેવીકા ને ઠરાવ થી ઉપરવટ જઈને પોતાના ઘરના નિયમો થી કાયમી મુસાફરી ભથ્થું ના નામે ૨૦૧૮ થી ૨૦૨૧ સુધી સરકારી નાણાં ચૂકવી દીધા હતા તે અંગે ગુજરાત તકેદારી આયોગ એ મહિલા અને બાળ વિકાસ વિભાગ પાસે વીગતવાર અહેવાલ માંગ્યો છે.

અરજદારે મહિલા અને બાળ વિકાસ વિભાગ ને પણ પુરાવા સાથે ફરિયાદ કરી હતી તેના સંદર્ભ મા રાજકોટ જોન ના વિભાગ ના નાયબ નિયામક એ અરજદારે નુ નિવેદન લીધેલ છે અરજદારે નિવેદન મા જણાવ્યા મુજબ કે અમો એ માહિતી અધિકાર હેઠળ પુરાવા ભેગા કરીને સરકારી નાંણા નુ કૌભાંડ થયેલ છે તેની ફરિયાદ સરકાર ના હિત મા કરેલ છે અને અને નાગરિક તરીકે જવાબદારી સમજી પુરાવા સાથે ફરિયાદ કરેલ હવે પછી ની જવાબદારી જવાબદાર અધિકારીઓ ની રહેશે તેવું નિવેદન મા જણાવેલ છે.

હવે એ જોવાનું રહ્યું છે કે તકેદારી અહેવાલ માગ્યો છે પણ કોઈ નક્કર કાર્યવાહી થશે કે આઇ.સી.ડી.એસ ભ્રષ્ટાચાર ની બીજી ફાઈલો ની જેમ ધૂળ ચડશે તે આગામી સમય બતાવશે.

## જૈન ભાજપ અગ્રણી મયુરભાઈ શાહના બહેન જ્યોતિબેન તલસાણીયાનું અવસાન



જ્યોતિબેન ગિરીશભાઇ તલસાણીયા, તે સ્વ. ભુપતલાલ વ્રજલાલ શાહ ના પુત્રી, સ્વ. સંકેત અને અવની ચિંતનભાઇ શાહ ના માતુશ્રી તે સ્વ. બીપીનભાઇ (યુનીયન બેન્ક) મયુરભાઇ (જૈન અગ્રણી-શહેર ભાજપ કોષાધ્યક્ષ, શ્રી પંચનાથ હોસ્પીટલ ના સેક્રેટરી) ના મોટાબેન, તે બકુલભાઇ દોશી (નાગરીક બેન્ક) ના ભાણેજ નું તા,૧૯ મંગળવાર ના રોજ અમદાવાદ મુકામે દુ:ખદ અવસાન થયેલ છે.

## કાલની જામનગર-તિરૂનેલવેલી એક્સપ્રેસ રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દક્ષિણ રેલવેમાં સ્થિત તિરુનેલવેલી સ્ટેશન પર ભારે વરસાદ ના લીધે પાણી ભરાવાને કારણે ૧૮ ડિસેમ્બર ૨૦૨૩ની તિરુનેલવેલી-જામનગર એક્સપ્રેસ રદ કરવામાં આવી હતી. તદનુસાર, પેરીંગ રેકના અભાવને કારણે, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ જામનગરથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૫૭૮ જામનગર-તિરુનેલવેલી એક્સપ્રેસને રદ કરવામાં આવી છે. રેલવે પ્રશાસન મુસાફરોને પડી રહેલી અસુવિધા બદલ ખેદ છે.




# નાતાલના તહેવાર ઢુકડા આવતા ચર્ચને કરાયો રોશનીનો શણગાર



નાતાલના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા ત્યારે રાજકોટના મોચી બજાર તેમજ કાલાવાડ રોડ પર આવેલા ચર્ચએ નવો શણગાર સજ્યો છે. નવા વર્ષને આવકારવા ખ્રિસ્તી સમાજ સહિત રાજકોટવાસીઓ આતુર છે. ચર્ચને લાઇટોથી શણગારમાં આવ્યું છે. આઠ દિવસ સુધી નાતાલના તહેવારની ભવ્ય ઉજવણી રાજકોટ સહિત સમગ્ર વિશ્વમાં થશે. નાતાલ નિમિત્તે ખ્રિસ્તી સમુદાયમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે ૨૫ ડિસેમ્બર ના દિવસે ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્તી ના જન્મદિવસ ના અવસરે ઉજવવા રાજકોટ સહિત સમગ્ર દેશ અને દુનિયામાં ભારે થનમગનાટ જોવા મળી રહ્યો છે ડિસેમ્બર મહિનાની શરૂઆત થતાની સાથે જ નાતાલની ઉજવણી માટે ચર્ચ અને ખ્રિસ્તી સમાજના લોકો પોતાના ઘરમાં દિવાળી જેવી તૈયારીઓ શરૂ કરી દે છે. ધામધૂમથી ઉજવવા આતુરતા થી રાહ જોતા હોય છે ક્રિસમસ એ ખ્રિસ્તી લોકોનો સૌથી મોટો તહેવાર માનવામાં આવે છે ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્તનો ૨૫ ડિસેમ્બરના જન્મ થયો હતો ઈસુ ખ્રિસ્તને ઈસુ તરીકે પણ ઓળખવામાં આવે છે.

# રાજકોટ શહેર પોલીસે પકડેલા રૂા.૨.૬૮ કરોડના વિદેશી દારૂનો સોખડા પાસે નાશ કરાયો





ગુજરાતમાં આમ તો દારૂબંધી માત્ર કાગળ પર જ હોય તેમ રોજબરોજ ગુજરાતમાં અનેક શહેરોમાં લાખોનો દારૂ પોલીસ પકડી લેતી હોય છે છેલ્લા છ મહિનામાં રાજકોટ શહેર પોલીસ દ્વારા જુદા જુદા સ્થળોએ ઝડપી લેવામાં આવેલો વિદેશી દારૂનો જથ્થો પોલીસ સ્ટેશનમાં જમા કરાયો હોય આ પકડાયેલો ગેરકાયદેસર દારૂનો જથ્થો વધતો વખત પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને મામલતદાર ની હાજરીમાં આ દારૂના જથ્થાનો નાશ કરવાનો હોય આજે શહેરની ભાગોળે આવેલા સોખડા ગામ પાસે સરકારી ખરાબાની જમીન પર પોલીસે ઝડપી લીધેલો રૂપિયા બે કરોડ ૬૮ લાખ નો વિદેશી દારૂ પાથરી દઈ તેના પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે

## ગીરગઢડા પાસે ટ્રક પલ્ટી ખાઈ જતા ચાલકનું ઘટના સ્થળે કરૂણ મોત

**મુખ્ય સમાચાર, ઊના**

ઉના ગીરગઢડાના દ્રોણ ગામના ખેડૂતની ડુંગળી રાત્રિનાં ટ્રકમાં મહુવા ખાતે લઈ જવાતી હતી. એ દરમ્યાન ઉના ગીરગઢડા રોડ પર ટ્રક ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રક પલ્ટી ખાઈ ગયો હતો. જેમાં ટ્રક ડ્રાઈવરનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતુ.




આ અંગેની માહિતી મુજબ દ્રોણ ગામેથી ડુંગળી ટ્રક નં.જી.જે.૦૧બી વી ૧૩૦૨માં ભરી મહુવા લઈ જવાતી હતી. એ દરમ્યાન ઉના ગીરગઢડા રોડ પર આવેલ ઝુડવડલી ગામના પાટીયા નજીક ટ્રક ચાલક ફારૂકભાઈ સલેમાનુ કણાનીયા રહે. મહુવા પોતે ટ્રક પરનુ સ્ટેરીંગનો કાબુ ગુમાવતા અચાનક ડુંગળી ભરેલો ટ્રક રસ્તાની સાઈડમાં વિજપોલને અથડાઇ પલ્ટી ખાઈ જતાં ડ્રાઇવર ટ્રક નીચે દબાઈ જતા તેમનું ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મોત નિપજ્યુ હતું. જ્યારે ટ્રકમાં બેઠેલા ખેડૂત અરજણભાઈ બારીયા સહીત બે વ્યક્તિને ઈજા પહોચતા તાત્કાલીક ઈમરજન્સી ૧૦૮માં સારવાર અર્થે ખાનગી હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા.

## કુવાડવા રોડ પર પટેલ વિહાર પાસેથી દારૂ ભરેલું છોટા હાથી ઝડપાયોઃ રૂા. ૪.૮૮ લાખનો મુદ્દામાલ કબજે

### ડી સી પી ઝોન વન એલસીબી ટીમે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી ત્રણ શખ્સોની ધરપકડ કરી ત્રણ વાહનો અને દારૂનો જથ્થો કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં થર્ટી ફર્સ્ટ જેમ જેમ નજીક આવી રહી છે તેમ બુટલેગરો પણ કમાવાની લાયમાં દારૂનો જથ્થો મગાવવા મંડ્યા છે ત્યારે પોલીસે પણ બુટલેગર ઉપર બાજુ નજર રાખી બાકી દારૂનું નેટવર્ક કામે લગાડી દારૂનો જથ્થો પકડવા માટે સફળ રહ્યા છે ગઈકાલે કુવાડવા રોડ પર પટેલ વિહાર પાસે ડીસીપી ઝોન વન એલસીબી ટીમ વિદેશી દારૂ ભરેલા છોટા હાથી માં ત્રણ શખ્સોને દબોચી લઈ ₹૪,૮૮,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.





અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ડીસીપી ઝોન વન એલસીબી ટીમના પી.એસ.આઇ બીવી બોરીસાગર હેડ કોસ્ટેબલ વિજેન્દ્રસિંહ તથા ધર્મરાજસિંહ તથા કોન્સ્ટેબલ જીતુભા અને રવિરાજભાઈ તથા સત્યજીતસિંહ અને દિવ્યરાજસિંહ સહિતનો સ્ટાફ ગ્રીનલેન્ડ ચોકડી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન કોન્સ્ટેબલ સત્યજીતસિંહ અને રવિરાજભાઈ ને મળી હતી કે કુવાડવા હાઈવે પર એક છોટા હાથી દારૂ ભરેલું રાજકોટ તરફ આવતું હોય જેથી પોલીસે કુવાડવા રોડ પર આવેલા પટેલ વિહાર રેસ્ટોરન્ટ પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન બે એકટીવા પાઇલોટિંગ કરતા હોય એને એક છોટાહાથી પાછળ આવતું હોય પોલીસે આ ત્રણે વાહનોને અટકાવી છોટા હાથીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૩૬૦ બોટલ કિંમત ₹૨,૧૬,૦૦૦ નો જથ્થો મળી આવતા પોલીસે પરસાણા નગર મેઇન રોડ પર રીના એપાર્ટમેન્ટ માં રહેતો સબીર કાળુ શેખ તથા ભગવતી પરામાં મોમાઈ રેસીડેન્સી મારે તો અયાઝ ખાન ફિરોઝ ખાન પઠાણ તથા ગૌલીવાડ મેન રોડ પર રહેતો હાસ્ય ઉર્ફે માયો ઇબ્રાહીમ ઠેબે ફેતરા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી એક છોટા હાથી બે બાઈક અને ત્રણ મોબાઈલ સહિત કુલ રૂપિયા ૪,૮૮,૦૦૦ નો મુદ્દા માલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પડધરી અને ગોંડલ તાલુકામાં વિદેશી દારૂના ગુનામાં નાસ્તા ફરતા બે બુટલેગર ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગ્રામ્યમાં અલગ અલગ પોલીસ મથકોના વિદેશી દારૂના ગુનામાં તથા ગંભીર ગુનામાં નાસ્તા પરતા આરોપીઓને શોધવા અંગે રાજકોટ જિલ્લા અધિક્ષક જયપાલસિંહ રાઠોડ એ સૂચના આપતા રુરલ એલસીબી ના પીઆઇ વીવી વડોદરા ની સૂચનાથી પીએસઆઇ એચસી ગોહિલ પીએસઆઇ બીજી બડવા તથા હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ અને અનિલભાઈ



સહિત ના સ્ટાફે પડધરી અને ગોંડલ તાલુકા પોલીસ ના વિદેશી દારૂના ગણના પાત્ર કેસમાં છેલ્લા ઘણા સમયથી નાસ્તા કરતા બુટલેગર ઘનશ્યામ વજુ ખાટરીયા રહે મોટા માંડવા અને ઝાકીર ઉર્ફે જાડો ઉર્ફે લાલો અબ્દુલ લાખાણી રહે ગોંડલ ભગવત પરા નામના બંને શખ્સોને દબોચી લઈ પડધરી અને ગોંડલ તાલુકા પોલીસને કબ્જોસોફી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગુરૂકુળમાં સ્વામીએ ધો.૧૨ના વિદ્યાર્થીને ફડાકા ઝીંકી દેતા હોબાળો

### વિદ્યાર્થીએ જમવાનું પીરસવાનો ઈન્કાર કરતા આનંદસ્વરૂપસ્વામીએ ગુસ્સામાં આવી ફટકાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**


રાજકોટમાં ઢેબર રોડ પર આવેલા ગુરુકુળમાં વિદ્યાર્થીને આનંદ સ્વરૂપ સ્વામીએ અમાનુષી ત્રાસ આપી ૧૦-૧૨ ફડાકા ઝી કી માર મારતા વિદ્યાર્થીના ગાલ સોજી જતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હોબાળો મચી ગયો છે.



આ અંગેની માહિતી મુજબ ગોંડલના ડલના સહજાનંદ નગરમાં રહેતો અને હાલ રાજકોટમાં ઢેબર રોડ પરની ગુરુકુળમાં ધો.૧૨ માં અભ્યાસ કરતા કેવલ પ્રવીણભાઈ નાખુવા (ઉ.વ.૧૮)ને આજે ગુરુકુળના આનંદ સ્વરૂપ સ્વામીએ ૧૦-૧૨ ફડાકા ઝીંકીને તેને પેટના ભાગે ચીટીયા ભર્યા હતા.જેથી યુવકે આ સમગ્ર ઘટનાની તેના પિતા પ્રવીણભાઈને જાણ કરી હતી જેથી તેઓ તાત્કાલિક ગુરુકુળ ખાતે આવી પહોંચ્યા હતાં.અને પોતાના પુત્રને તપાસના તેના ગળ સોજી ગયા હોવાથી અને અતિશય દુખાવો ગળા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે આ બનાવની જાણ પોલીસને થતાં તેઓ તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને પ્રાથમિક પૂછપરછમાં કેવલે જણાવ્યું હતું કે, આનંદ સ્વરૂપ સ્વામી તેને રોજ બે બે કલાક જમવાનું પીરસવાનું કહેતા હતા.જેથી સગીરને અભ્યાસ કરવાનો સમય મળ્યો ન હતો જેથી તેને આજે સ્વામીને પોતે જાણવાનું પીરસવા માટે જશે નહિ.તેવું કહેતા સ્વામીએ પીતો ગુમાવી સગીર પર અત્યાચાર ગુજાર્યો હતો જેથી હાલ પોલીસે સગીરની ફરિયાદ પરથી આગળની કાર્યવાહી છે.

## શહેરના અનેક રસ્તા પર દબાણ કરનાર લારી, પથારણાવાળાને દુર કરાયા

પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવની સૂચનાનુસાર હેઠળ ડીસીપી ટ્રાફિક પુજા યાદવની રાહબરી હેઠળ આજરોજ પો સ ઈ ઘાસુરા તથા આરએમસી નાં દબાણ હટાવ અધિકારી તથા કર્માચારી નાઓને સાથે રાખી એસ ટી ડેપો રોડ તથા ભક્તિનગર હુડકો ચોકી વિસ્તાર તથા કોઠારીયા રોડ વિગેરે સ્થળે લારી પથારાવાળા વેપાર અર્થે જાહેર રોડ પર રાખી રોડ પર દબાણ કરતા હોય જેના લીધે જાહેર માર્ગ પર અડચણ અને ટ્રાફીક ની સમસ્યાઓ ઉભી થતી હોય તે સમસ્યાના નિવારવાના ભાગરૂપે "zero tolerance" ડ્રાઈવ રાખી ઉક્ત તમામ જગ્યાએ લારીઓ, પથારા દૂર કરી તથા તેમનો સર સામાન જમા લેવામાં આવેલ છે અને દન્ડ પણ લેવામાં આવેલ છે અને આ તમામ દબાણ હટાવી રોડ પરની અડચણો દૂર કરવામાં આવેલ છે અને રોડ કલીયર કરવામાં આવેલ છે.



## ઝારખંડની ભૂલી પડેલી બે કિશોરી ને આશ્રય અપાવતી ૧૮૧ અભયમ ટીમ મોરબી

**મુખ્ય સમાચાર, મોરબી**

તારીખઃ-૨૦/૧૨/૨૦૨૩ ના રોજ કિશોરી નો ફોન આવેલ કે લગ્નની તેમજ કંપનીમાં કામ કરવાની લાલચ આપી બંને કિશોરી ને અહીંયા લઈ આવી મૂકીને જતા રહેલ છે માટે મદદની જરૂર હોય ૧૮૧ ટીમના કાઉન્સિલર સેજલ પટેલ કોન્સ્ટેબલ ભારતીબેન પાયલોટ પ્રદીપભાઈ ઘટના સ્થળે બંને કિશોરી સુધી પહોંચે સૌપ્રથમ તે બંને કિશોરી ને સાંત્વના આપેલ ત્યારબાદ બંને કિશોરીનું કાઉન્સલિંગ કરતા તેમણે જણાવેલ કે તેઓ ઝારખંડના હોય ત્યાંના એક યુવક સાથે થોડા ટાઈમ થાય ફોન દ્વારા વાતો કરતા



હોય ત્યારબાદ તે યુવક કિશોરીને તેમજ તેમની બહેનને લગ્ન તેમજ કંપનીમાં કામ કરવાની લાલચ આપી ઘરેથી લઈ આવેલ હોય અને અહીંયા લાવી મૂકીને જતા રહેલ હોય ત્યારબાદ બંને કિશોરીને સલાહ સુચન માર્ગદર્શન કાયદાકીય માહિતી આપેલ અને સમજાવેલ કે હવે પછી માતા પિતાને જાણ કર્યા વગર ઘરેથી નીકળશે નહીં તેમજ કોઈપણ અજાણી વ્યક્તિ જોડે આવી રીતે ઘરેથી ના નીકળવા માટે સમજાવેલ ત્યારબાદ તેમના માતા-પિતાનો ફોન દ્વારા કોન્ટેક કરવાના ઘણા પ્રયત્નો કરેલ પરંતુ તેમનો ફોન બંધ આવતો હોવાથી બંને કિશોરીને હાલ આશ્રય તેમજ લાંબા ગાળાનું કાઉન્સિલિંગ ની જરૂર હોવાથી બંને કિશોરીને સખી વન સ્ટોપ સેન્ટરમાં સુરક્ષિત આશ્રય અપાવવામાં આવેલ બંને કિશોરીએ ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કરેલ.

## લીંબડી પાસે ટ્રક પાછળ કાર ઘુસી જતાં મહિલા સહિત બેના મોત

### જામજોધપુરનો લોહાણા પરિવાર બારડોલી જતી વેળાએ કાળ ભેટયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ લીંબડી નેશનલ હાઈવે પર છાલીયા નજીક વહેલી સવારે આગળ ઉભેલા અજાણ્યા વાહન પાછળ રાજકોટ તરફથી આવતી કાર ધડાકાભેર અથડાતા કારમાં સવાર મહિલા સહિત બે વ્યક્તિના મોત નીપજ્યાં હતા. જામનગરથી બારડોલી જવા નીકળેલા જામજોધપુરના લોહાણા પરિવારની કારને કાળ ભેટી ગયો હતો.

આ અંગેની માહિતી મુજબ મુળ જામજોધપુર નિલકંઠનગર, જલારામ મંદિર પાસે રહેતા કલ્પેશભાઈ પ્રભુદાસભાઈ મજેઠીયા અને લાલપુર હરિદર્શન સોસાયટી ખાતે રહેતા શિલ્પાબેન નિલેશકુમાર સવમણી બંને જામનગરથી બારડોલી જવા નીકળ્યા હતા. લીંબડી હાઈવે પર નંદનવન હોટલ છાલીયા તળાવ નજીક આગળ જતા કોઈ અજાણ્યા વાહન પાછળ ધડાકાભેર તેમની આઈ ટેન કાર ઘુસી જતાં કારમાં સવાર બંનેને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતા. ઘટનાની જાણ થતાં લીંબડી પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે લીંબડી સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હતી.લીંબડી હાઇવે પર વહેલી સવારે આગળ જતા વાહન પાછળ કાર ઘુસી જતાં બે વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ગમખ્વાર અકસ્માતમાં આગળ જતું વાહન કાર સાથેની ટક્કર બાદ ભાગી છુટયું હતું. એથી લીંબડી પોલીસે આસપાસના વિસ્તારમાં સીસીટીવી ફૂટેજ આધારે તપાસ હાથ ધરી છે.

## દુધ સાગર રોડ પર ભગવતી સોસાયટીમાં ઘર કામ કરતી મહિલાએ રૂા.૧૦ લાખના દાગીના ચોરી લીધા

### થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે મહિલાને અટકાયતમાં લીધી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દૂધસાગર રોડ પર ભગવતી સોસાયટીમાં રહેતા પરીવારની નજર ચુકવી કબાટની ચાવી ઉઠાવી રૂ. ૧૦ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી થતા પરીવારે તપાસ કરતા ઘરકામ કરતી મહિલાએ જ ચોરી કર્યાનુ અને દાગીના ત્થા પૈસા આપી દેવાની વાત કર્યા બાદ દાગીના નહી આપતા વૃધ્ધાએ ફરીયાદ કરતા થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રોશનબેન દિલીપભાઈ દાણકીયા (ઉ.૭૪)એ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે રતનપરગામે રહેતા રમાબેન રાજુભાઈ સાકરીયાનુ નામ આપ્યુ હતુ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેના મકાનના ઉપરના માળે રૂમમાં કબાટમાં ઉધઈ થતા પુત્રએ કબાટ રીપેરીંગ કરવવાનો હોય સામાન તેમજ દાગીના ,રોકડ તેના રૂમના કબાટમાં મુકી દિધા હતા અને ચાવી મારી પાસે રાખી હતી દરમ્યાન કબાટ રીપેરીંગ માટે માણસો આવ્યા હતા અને કામ પુરૂ થયા બાદ કબાટમાં તપાસ કરતા દાગીના ગાયબ હોય પરીવારને જાણ કરી હતી ત્યાર બાદ કબાટ રીપેરીંગ માટે આવેલા માણસોની પણ પુછતાછ કરી હતી ત્યાર બાદ પણ દાગીનાની કોઈ ભાળ નહી મળતા છેલ્લા આઠ વર્ષથી ઘરકામ કરવા આવતા રમાબેનની પુછતાછ કરી હતી પરંતુ પહેલા ના પાડયા બાદ તેને માનતા રાખી હોવાનુ અને ચોરી કરનારનુ સારૂ નહી થાય તેમ કહેતા તેને માનતા અંગે વાત કરતા તેની પર શંકા જતા તેને પોલીસમાં ફરીયાદ કરવાનુ કહેતા તેને ચોરી કરી હોવાનુ કહી મારાથી દાગીના કોઈ જગ્યાએ મુકાય ગયા હોય હું તમને થોડા દિવસોમાં દાગીના અથવા પૈસા આપી દઈશ. ત્યાર બાદ ખોટા વાયદાઓ કરી દાગીના નહી આપતા ફરીયાદ કર્યાનુ જણાવતા પીઆઈ ઝનકાંત સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

## અકસ્માતમાં ઘવાયા બાદ પીડા સહન નહીં થતાં યુવાને જીવન ટૂંકાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં રહેતા યુવકને અકસ્માતમાં થયેલી ઈજાની પીડા સહન ન થતા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.જ્યારે બનાવ મામલે પોલીસ દ્વારા તેના મૃતદેહુને પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ ખસેડી આગળની કાર્યવાહી હાથધરી છે.

આ અંગે મળતી વિગત મુજબ મૂળ અમરેલીના તળવડા ગામનો વતની પ્રફુલ જેશુભાઈ રાઠોડ (ઉ.વ.૨૮) પરિવાર સાથે શાપર વેરાવળના વિરવા રોડ પર રહેતો હતો અને મજૂરી કામ કરતો હતો. ત્રણ માસ પૂર્વે તે શાપરમાં બાઈક લઈ જતો હતો ત્યારે બાઈક સ્લીપ થતા હાથમાં ઈજા થઈ હતી. સારવાર પછી પણ તેના હાથમાં ઈજાથી ખૂબ પીડા રહેતી હતી.અવારનવાર તે આ પીડા અંગે પરિવારને વાત કરતો હતો. જોકે પીડા સહન ન થતા આજે સવારે તેના પત્ની જાગૃતિબેન ઉઠીને બાથરૂમમાં ગયા ત્યારે રૂમમાં એકલા રહેલા ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું છે. બનાવની જાણ થતાં શાપર પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વ્યાજખોરોના ત્રાસથી કંટાળી સોની વેપારીએ બાલભવન પાસે ફીનાઈલ ગટગટાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રેસકોર્ષમાં બાલભવન પાસે સોની વેપારીએ વ્યાજકવાદીઓના ત્રાસથી કંટાળી ફિનાઈલ પી લેતા સારવારમાં ખસેડવામાં આવ્યાં છે. વિગત મુજબ કાલાવડ રોડ ઉપર આવેલા રોયલ પાર્કમાં રહેતા અને કાલાવડ ગામમાં સોનીની દુકાન ધરાવતા હિતેશભાઈ છોટાલાલ કડેચા (ઉ.વ.૫૨)નામના સોની વેપારીએ રેસકોર્ષ બાલભવન પાસે ફિનાઈલ પી લેતાં ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. બનાવ મામલે પ્ર.નગર પોલીસ દ્વારા તપાસ કરતા જાણવા મળ્યું હતું કે હિતેશભાઈને સંતાનમાં ત્રણ દિકરી છે. જેમની તેમની એક દીકરીએ જણાવ્યું હતું કે તેમના પિતાએ જુદા-જુદા વ્યકિતઓ પાસેથી વ્યાજે પૈસા લીધા હતાં કેટલાક દિવસથી અજાણ્યા માણસો ઘરે આવી પૈસાની પઠાણી ઉઘરાણી કરતા હોવાથી કંટાળી પિતાએ પગલું ભર્યું હતું. આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## ત્રંબા ગામે યુવતીને ઈન્સ્ટાગ્રામમાં મેસેજ કરી બિભત્સ માંગણી કરતા શખ્સ વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ડિજિટલ યુગમાં યુવાનો સોશિયલ મીડિયા નું ઘેલું લાગ્યું છે ત્યારે કેટલાક શખ્સો સોશિયલ મીડિયાના મારફતે ન કરવાનું કાર્ય કરી બેસતા હોય છે આવો જ એક કિસ્સો ત્રંબા ગામે બનવા પામ્યો છે એક યુવતીને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરી એક શખ્સ બીભત્સ માંગણી કરતો હોવાની ફરિયાદ આજીડેમ પોલીસમાં નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ ત્રંબા ગામે રહેતી એક યુવતીએ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જેમાં મોબાઈલ નંબર પરથી ફોન કરી તથા ઈન્સ્ટાગ્રામ આઈડીમાં મેસેજ કરી અવર ને અવાર અલગ અલગ જગ્યાએ મળવા માટે બોલાવી યુવતી પાસે બીભત્સ માંગણી કરી છેડતી કરતો હોવાની ફરિયાદ કરતા પીએસઆઇ એચએન જામ અંગે ગુનો નોંધી આ શખ્સની શોધખોળ શરૂ કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT